Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

**Pearson Edexcel**
**Level 1/Level 2 GCSE (9–1)**

Centre Number

Candidate Number

**Time** 1 hour 5 minutes

**Paper reference** **1GU0/3H**

# Gujarati

## PAPER 3: Reading and understanding in Gujarati

**Higher Tier**

**You do not need any other materials.**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer **all** questions in Sections A, B and C.
- Questions in Section A and C are set in English.
- Questions in Section B are set in Gujarati.
- Answer the questions in the spaces provided – *there may be more space than you need.*
- You must **not** use a dictionary.

## Information

- The total mark for this paper is 50.
- The marks for **each** question are shown in brackets
  – *use this as a guide as to how much time to spend on each question*
  – *you should spend approximately 10 minutes on the translation question.*

## Advice

- Read each question carefully before you start to answer it.
- Try to answer every question.
- Check your answers if you have time at the end.
- Good luck with your examination.

*Turn over* ▶


©2021 Pearson Education Ltd.


Pearson

**Answer ALL questions. Write your answers in the spaces provided.**

**Some questions must be answered with a cross in a box ☒. If you change your mind about an answer, put a line through the box ☒ and then mark your new answer with a cross ☒.**

## SECTION A

### Future careers

**1** Read an article about choice of future careers.

જી.સી.એસ.સી. કર્યા પછી દરેક વિદ્યાર્થી કારકિર્દી વિશે વિચારવાનું શરૂ કરે છે. કઈ દિશામાં આગળ વધવું તેના વિશે વિદ્યાર્થીઓ તથા માતા-પિતા ચિંતિત હોય છે. તેના માટે યોગ્ય માર્ગદર્શન મળવું જરૂરી છે.

વ્યવહારિક વ્યવસાયો માટે ઘણા રસ્તા છે, જેમ કે છબીકાર અથવા લગ્ન પ્રસંગોના આયોજક, જે બનવા માટે મહાવિદ્યાલયની ડિગ્રી મેળવવી જરૂરી નથી. ઘરેબેઠાં, ઑનલાઇન કે તાલીમ કેન્દ્રમાં હાજરી આપી યોગ્યતા મેળવી શકાય. કોઈપણ જાતનાં બંધન વગર કામ કરીને સારા પૈસા કમાઈ શકાય.

આવા વ્યવસાયમાં હરીફાઈ તો ખરી, પણ કામમાં સખત મહેનત કરવાથી ભવિષ્યમાં તેનું ફળ મળે જ. બસ, હિંમત અને વિશ્વાસ રાખવા જરૂરી છે.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What can help students overcome their worry about choosing the right career?

**(1)**

.......................................................................................................................................

(b) Why is it attractive to choose a non-academic profession to earn good money?

**(1)**

.......................................................................................................................................

(c) What is the key to achieving success in the future?

**(1)**

.......................................................................................................................................

**Total for Question 1 = 3 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

## International school sports day

**2** Read a letter about an international school sports day.

પ્રિય કિરણ,

આ વર્ષે આંતરરાષ્ટ્રીય રમતગમત દિન માટે મારી શાળાની પસંદગી કરવામાં આવી હતી. ખૂબ ઉત્સાહથી તૈયારીઓ કરવામાં આવી હતી. પરદેશથી આવેલા મહેમાનોના આવકાર સાથે દિવસની શરૂઆત થઈ.

હજાર મીટરની દોડમાં હું બીજા આંતરરાષ્ટ્રીય સ્પર્ધકોને ટક્કર મારીને જીત્યો હતો. પછી હતી સાઇકલ સવારી. લંગડીમાં* ભારતથી આવેલી રમીલા જીતી ગઈ. ખેલાડીઓએ લાંબા કૂદકા અને ઊંચા કૂદકાની કળા દર્શાવી. છોકરાઓએ ડિસ્ક અને ભાલાફેંકની** હરીફાઈમાં ભાગ લીધો હતો. હું એટલો બળવાન નથી એટલે થાકી જતો. દેશવિદેશથી પધારેલા શિક્ષકોની કોથળાદોડની રમત ખરેખર જોવા જેવી હતી.

ઇનામ આપવાના કાર્યક્રમમાં વિજેતાઓ માટે દેશભરના લોકોએ તાળીઓ પાડી હર્ષ દર્શાવ્યો. રમતગમતમાં ભાગ લેવાથી આપણો આત્મવિશ્વાસ અને શારીરિક શક્તિ વધે છે.

લિ. રાજ

લંગડી – hop-scotch
ભાલાફેંક – javelin throw

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What was so special about this year's school sports day for Raj?

**(1)**

..............................................................................................................................................

(b) Why did Raj not participate in all the sport events?

**(1)**

..............................................................................................................................................

(c) How can participating in sporting events benefit students? Give **two** details.

**(2)**

..............................................................................................................................................

..............................................................................................................................................

**(Total for Question 2 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA

## Socialising with friends and family

**3** Read the conversation between students on an internet chat forum.

**ગોપાલ** હું અમારા પાડોશી સાથે અવારનવાર મળીને ચા-નાસ્તા સાથે મજાની વાતો કરું. મિત્રતા તો એવી કે માસીએ જે પણ કોઈ નવી વાનગી બનાવી હોય તે ચખાડવા આવી જાય અને અમે તેના વખાણ કરીએ એટલે તેઓ ખૂબ ખુશ થાય.

**સરીના** હું પોરબંદરથી કાકા-કાકીને ઘરે આવી ત્યારે કોઈ મિત્ર ન હતા. આજે નિશાળના મિત્રો જ મારું કુટુંબ છે. હું મોબાઇલ પર કે ઑનલાઇન તેઓ સાથે ગપ્પાં મારું અને સુંદર ગીતો પણ સંભળાવું. સરખેસરખાં સાથે મિજબાનીની મોજ અનેરી છે.

**જયન** મને ઘરે બેસીને કંટાળો આવે, એના કરતાં જીવંત વાતાવરણમાં હરવુંફરવું ગમે. પ્રસંગોમાં અથવા મંદિરે જાઉં તો મિત્રો, કુટુંબીજનો અને સગાંસંબંધીઓ સાથે સુખદુ:ખની વાતો કરવાથી આનંદ આવે, તેમજ પૂર્વેનાં તથા હાલનાં સમાચાર પણ મળે.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) How does Gopal appreciate his neighbours cooking?

**(1)**

.......................................................................................................................................

(b) Why was Sarina lonely before she went to school?

**(1)**

.......................................................................................................................................

(c) Where does Sarina meet her friends for fun?

**(1)**

.......................................................................................................................................

(d) Why does Jayan think it is important to meet friends and family? Give **two** details.

**(2)**

.......................................................................................................................................

.......................................................................................................................................

**(Total for Question 3 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**
**QUESTION 4 BEGINS ON THE NEXT PAGE**

## Family customs

**4** Read the extract below from a literary text about Neha's family customs.

મારાં દાદી કહેતાં કે જ્ઞાન દીવાના* પ્રકાશની જેમ ફેલાય છે અને દાદા કહેતા કે ભાષા તો આપણી ઓળખાણ છે. આમ, પરંપરા વિશેનું શિક્ષણ મને દાદા-દાદી પાસેથી મળ્યું.

માતા સવારે મંદિરમાં ધૂપ-દીપ કરીને દિવસની શરૂઆત કરે. બાળપણથી સવારે પ્રાર્થના પછી અમે વડીલોને પગે લાગીએ. દર શનિવારે સાંજે વાંસળી, વાજાપેટી અને ઢોલના સંગીત સાથે ધાર્મિક ગીતો ગાઈએ.

કુટુંબના દરેક તહેવારો અને પ્રસંગોને ઉજવવાની શુભ શરૂઆત દીપક** પ્રગટાવીને થાય. ગયા વર્ષે દિવાળીમાં રંગીન પાણીનાં વાસણમાં નાનાં નાનાં દીવાની હારમાળા અને ઝગમગતી બત્તીઓથી ઘર એટલું સુશોભિત લાગતું હતું! લોકો જન્મદિવસનો કેક કાપતા પહેલાં મીણબત્તીઓને થોડા જ સમય માટે રાખે છે જ્યારે અમે દીપ*** પ્રગટાવીએ ત્યારે કલાકો સુધી તે પ્રકાશતા રહે છે. એવી જ રીતે આપણે સારાં કામ કરીને આપણું ભવિષ્ય પ્રકાશમય બનાવવું જોઈએ.

મને અમૂલ્ય રીતરિવાજો અને પરંપરાની જે ભેટ મળી છે તેને સ્વીકારીને હું મારા સંતાનોને તે વારસો આપીશ.

દીવો/દીપક = Indian lamp
દીપ પ્રગટાવવો = to light an Indian lamp

Put a cross ☒ in the correct box.

**Example:** Neha was born in a … family.

| | |
|---|---|
| ☒ | **A** joint |
| ☐ | **B** poor |
| ☐ | **C** small |
| ☐ | **D** rich |

(i) Neha's grandmother regards a lamp as a symbol of…

| | |
|---|---|
| ☐ | **A** good luck. |
| ☐ | **B** meditation. |
| ☐ | **C** knowledge. |
| ☐ | **D** good health. |



P 6 6 8 6 5 A 0 6 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) Every morning Neha…

| | |
|---|---|
| ☒ | **A** plays musical instruments. |
| ☒ | **B** seeks blessings. |
| ☒ | **C** sings hymns. |
| ☒ | **D** cleans the temple. |

(iii) During Diwali, Neha decorated her home with…

| | |
|---|---|
| ☒ | **A** a circle of lamps. |
| ☒ | **B** a cluster of lamps. |
| ☒ | **C** individual lamps. |
| ☒ | **D** a row of lamps. |

(iv) Neha believes that lighting a lamp signifies …

| | |
|---|---|
| ☒ | **A** philosophy of life. |
| ☒ | **B** strengthening of the family. |
| ☒ | **C** increase in confidence. |
| ☒ | **D** self-determination. |

(v) Neha will respect the gift she has received to…

| | |
|---|---|
| ☒ | **A** show her friends. |
| ☒ | **B** use for decoration. |
| ☒ | **C** share with her family. |
| ☒ | **D** preserve her culture. |

**(Total for Question 4 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

## Being green

**5** Read this online article, where students talk about being green.

**ચિરાગ** હું મારા બગીચામાં ફૂલછોડ ઉગાડવા માટે ખરી ગયેલાં પાંદડા અને બગીચાના બીજા કચરામાંથી ઘરે બનાવેલાં ખાતરનો ઉપયોગ કરું છું. છોડમાં છૂટથી પાણી પીવડાવવાને બદલે વરસાદના પાણીનો ઉપયોગ કરું અથવા બાટલીમાં પાણી ભરીને જરૂરિયાત પૂરતું જ છાંટુ.

**સમીર** વિશ્વભરમાં પ્લાસ્ટિકનો વપરાશ ઓછો કરવા માટે લગભગ બધે કાયદા બનાવવામાં આવ્યા છે. ઘરની ચીજ-વસ્તુઓ લાવવા માટે બાએ જૂના કપડાંમાંથી મજબૂત થેલા સીવ્યા છે. હું પાણી માટે મારો કાચનો પ્યાલો સાથે લઈ જાઉં અને સાફ કરીને પાછો વાપરું.

**કમલ** પ્રદૂષણથી વધતાં તાપમાનને કારણે પૃથ્વી પર થતી અસર વિશે વિદ્યાર્થીઓને શિક્ષિત કરવામાં આવે છે. જ્યારે વપરાશની જરૂર હોય ત્યારે જ કમ્પ્યૂટર અને બત્તીનો ઉપયોગ કરવો એવા નિશાળના નિયમો ફરજિયાત છે. વર્ગમાંથી એકઠા થતા કાગળ કચરાપેટીમાં નાખવાને બદલે તેને ફરી ઉપયોગમાં લેવાથી કેટલાં વૃક્ષોની બચત થઈ શકે!

**પરમ** ઘણી જગ્યાએ સૂર્યની ઊર્જા અને વીજળીથી ચાલતાં વાહનોનો વપરાશ વધ્યો છે. અમારા વિસ્તારમાં 'ગાડી બંધ'ની શરૂઆત સૌથી પહેલાં કરવામાં આવી છે. હું બધે સાઇકલથી અથવા ચાલીને જાઉં છું. પર્યાવરણની સુરક્ષા માટે કેટલો ફાયદો? નથી થતો ગાડીનો ધુમાડો કે નથી થતા અકસ્માત.

Who says what? Choose the correct answer from **Chirag**, **Sameer**, **Kamal** or **Param**.

(a) .................................................... uses non-plastic bags for shopping. **(1)**

(b) .................................................... is not keen to go to school by car. **(1)**

(c) .................................................... understands the value of water. **(1)**

(d) .................................................... follows the rules to save electricity. **(1)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

Answer the following questions **in English**.

(e) What does Chirag do with household rubbish?

**(1)**

.......................................................................................................................................................

(f) According to Param, how has the 'no car' idea helped?

**(1)**

.......................................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**Voluntary work**

**6** Read the article about Suman's voluntary work.

ભાવનગરથી મામાએ જણાવ્યું કે પાસેનાં ભરૂચ શહેરનાં આરોગ્ય કેન્દ્રમાં સ્વયંસેવકની જરૂર છે. સેવા કરવાની મને આ સોનેરી તક મળવાથી મારું સ્વપ્નું સાચું થવાનું હતું.

આરોગ્ય કેન્દ્રનાં છાત્રાલયમાં એક સ્વચ્છ અને સાધારણ સગવડવાળા નાનકડા ઓરડામાં રહેવાનું હતું જે મારે માટે પૂરતું હતું.

હું દર્દીઓને દાખલ કરવા માટે દરેકના માહિતી પત્રક ભરી, એક વિશાળ પ્રતિક્ષાખંડમાં બેસાડી અને તેઓની સારવાર વિશે તેમને સમજાવતી. દાનરૂપે મેં આરોગ્ય કેન્દ્રમાં બે કમ્પ્યૂટર આપ્યાં હતાં, જેથી હાથેથી નોંધણી કરવાને બદલે આ કાર્ય બહુ સરળ બની ગયું હતું.

સખત ગરમીમાં આજુબાજુનાં ગામોમાંથી દર્દીઓ તેમના કુટુંબીજનો સાથે ચાલીને આવતા, જેથી તેઓના ચહેરા પર થકાવટ સ્પષ્ટ દેખાતી. બપોર સુધીમાં તો દવાખાનું કેટલાય દર્દીઓથી ભરાવા લાગતું. જુદી જુદી બીમારીઓના વિશિષ્ટ દાક્તરો સખત મહેનત કરીને સાંજ સુધી વિના મૂલ્યે સેવા આપતા. દર્દીઓ પ્રત્યે તેઓની દયા અને વિવેકપૂર્વક વાત કરવાની રીત જોઈને હું ખરેખર આનંદિત થતી હતી.

તેમના મદદનીશ તરીકે, મને સોંપવામાં આવતાં બધાં કાર્યો હું ખૂબ જ કાળજીથી કરતી. દર્દીઓ જ્યારે સાજા થઈને પાછા જતા ત્યારે તેમની ખુશી જોઈને મને ખૂબ સંતોષ થતો. એટલું જ નહીં પણ, તેઓ સાથે હવે હું સરળતાથી ગુજરાતીમાં વાત કરું છું. મારા મતે, જનસેવા એ જ સાચી સેવા છે.

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(i) What does the article tell us?

Put a cross ☒ next to the **three** correct sentences.

**(3)**

| | | |
|---|---|---|
| **Example** | The medical centre was situated in Bharuch. | ☒ |
| **A** | The medical centre was open all day. | ☒ |
| **B** | Medical staff gifted a computer to Suman. | ☒ |
| **C** | Suman improved the patient's registration process. | ☒ |
| **D** | Patients paid a nominal amount for their consultation. | ☒ |
| **E** | Suman stayed in a hotel near the medical centre. | ☒ |
| **F** | Patients came to the medical centre by bus. | ☒ |
| **G** | Suman was able to fulfil her wish. | ☒ |

Answer the following questions **in English**.

(ii) What qualities of the doctors impressed Suman? Give **two** details.

**(2)**

..........................................................................................................................................

..........................................................................................................................................

**(Total for Question 6 = 5 marks)**

**TOTAL FOR SECTION A = 28 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION B

### ટેલિવિઝન એક આશીર્વાદ

**7** ટેલિવિઝન વિશે વીણાનો બ્લોગ વાંચો.

શું ટેલિવિઝન એક આશીર્વાદ છે? હા, તે મનોરંજન અને શિક્ષણ આપનાર સૌથી લોકપ્રિય સાધન છે. નિયમિત સમયે તાજાં સમાચાર જોવાથી આપણને દેશવિદેશની પરિસ્થિતિની માહિતી મળી શકે.

સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોમાંથી ભાષા અને કુટુંબના મૂલ્યો વિશે શીખવા મળે. સંગીત, નાટક, નૃત્યનો સ્વાદ લઈ શકાય. સિનેમામાં જવા કરતાં, હું સહકુટુંબ ઘરેબેઠાં ચલચિત્રો જોઈને પૈસા અને સમય બચાવું. વિવિધ કૌશલ્યના કાર્યક્રમો દ્વારા યુવાનો જાત-જાતની વસ્તુઓ શીખી શકે.

સ્વાસ્થ્ય સુધારવાના કાર્યક્રમો જોવા છતાં પણ મારા મતે દૂરદર્શન યુવાનોનાં આરોગ્યને જોખમમાં મૂકે છે. દૂરદર્શન જોવાના સમય પર નિયંત્રણ ન રાખવાથી શરીરને અસર પહોંચવાની સાથે ક્યારેક મગજનું સમતુલન પણ નથી રહેતું.

સાચાં ખાનામાં ☒ કરો.

**ઉદાહરણ:** ટેલિવિઝન એક ... સાધન છે.

| | |
|---|---|
| ☐ | **A** કાલ્પનિક |
| ☒ | **B** આશીર્વાદરૂપ |
| ☐ | **C** અપ્રચલિત |
| ☐ | **D** નકામું |

(i) ટેલિવિઝન પર ... સમયે સમાચાર જોઈ શકાય.

| | |
|---|---|
| ☐ | **A** અનિયમિત |
| ☐ | **B** ચોક્કસ |
| ☐ | **C** અચોક્કસ |
| ☐ | **D** લાંબા |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P 6 6 8 6 5 A 0 1 2 2 0

(ii) યુવાનોને સામાજિક કાર્યક્રમોમાંથી ... વિશે જાણવા મળે છે.

| | |
|---|---|
| ☒ | **A** સંસ્કૃતિ |
| ☒ | **B** જીવવિજ્ઞાન |
| ☒ | **C** ટેક્નૉલોજી |
| ☒ | **D** ખનિજો |

(iii) સિનેમામાં જવાનું ટાળવાથી ... નો ખર્ચ બચે છે.

| | |
|---|---|
| ☒ | **A** ઘરેણાં |
| ☒ | **B** કપડાં |
| ☒ | **C** અભ્યાસ |
| ☒ | **D** ટિકિટ |

(iv) લાંબા સમય સુધી દૂરદર્શન જોવાથી ... ની સમસ્યાઓ ઊભી થાય છે.

| | |
|---|---|
| ☒ | **A** મનોરંજન |
| ☒ | **B** અભિપ્રાયો |
| ☒ | **C** હલનચલન |
| ☒ | **D** ભાષા |

(v) ટેલિવિઝનના દુરુપયોગથી યુવાનો મનની ... અનુભવી શકે.

| | |
|---|---|
| ☒ | **A** ખુશી |
| ☒ | **B** અશાંતિ |
| ☒ | **C** ઉત્તેજના |
| ☒ | **D** શાંતિ |

**(Total for Question 7 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## દિશાસૂચન

**8** તમે અમદાવાદનાં જોવાલાયક સ્થળોએ પહોંચવા માટેની સૂચના વાંચો છો.

| | |
|---|---|
| **સાબરમતી આશ્રમ** | પ્રવાસ કચેરીથી ડાબી બાજુ વળી મંદિર સુધી સીધા ચાલવું, ત્યાંથી ૪૦ નંબરની બસ લઈને અંતિમ બસ મથકે ઊતરવું. સામેની સાંકડી પગદંડી પર થોડું ચાલવાથી આશ્રમ આવશે. |
| **અડાલજની વાવ** | અંજલિ હોટલથી જમણી દિશામાં ચાર રસ્તા સુધી ચાલવું. રસ્તો ઓળંગીને રિક્ષા લેવી. રસ્તામાં ખુલ્લી બજારમાં વસ્તુઓ વેચનારાઓની બૂમાબૂમ સંભળાશે. ગાંધીમાર્ગથી ઘોડાગાડી લઈને અડાલજની વાવ પહોંચવું. |
| **લૉ ગાર્ડન** | થલતેજથી લૉ ગાર્ડન દૂર હોવાથી દવાખાનાની નજીક અમદાવાદ રેલવે સ્ટેશનેથી ટ્રેન લઈ મણીનગર સ્ટેશને ઊતરવું. બહાર રંગબેરંગી ચિત્રિત ખટારામાં બેસી જવું જે લૉ ગાર્ડન પહોંચાડશે. |
| **હનુમાનજી મંદિર** | પૂનમ હોસ્ટેલના પ્રવેશદ્વાર પાસે સાઇકલવાળા દેખાશે. સાઇકલ સવારીનો આનંદ લેતાં લેતાં તળાવ પાસેની ફૂલ બજારમાં થઈને જવું. તળાવની સામેની બાજુએ મંદિર છે એટલે હોડીમાં જવાનું હોય છે. |

તમે કેવી રીતે પહોંચશો? **સાબરમતી આશ્રમ, અડાલજની વાવ, લૉ ગાર્ડન** અને **હનુમાનજી મંદિર.**

તમે એકથી વધારે વાર શબ્દોનો ઉપયોગ કરી શકો છો.

**ઉદાહરણ:** સાંકડી પગદંડી પર ચાલીને **સાબરમતી આશ્રમ** પહોંચવું.

(a) નૌકા વિહારની મોજ લઈને .................................... પહોંચી શકાય. **(1)**

(b) .................................... પહોંચવા ઘોંઘાટવાળા વાતાવરણમાંથી પસાર થવાનું રહેશે. **(1)**

(c) મંદિર પાસેથી બસ લઈને .................................... જવાશે. **(1)**

(d) આકર્ષક વાહનમાં બેસીને .................................... પહોંચવું. **(1)**

(e) પૂજા માટે હાર ખરીદીને .................................... જવું. **(1)**

**(Total for Question 8 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**
**QUESTION 9 BEGINS ON THE NEXT PAGE**

P 6 6 8 6 5 A 0 1 5 2 0

ઉતારો

**9** નીચેનું વેબ પેજ વાંચો.

આજકાલનાં વ્યસ્ત જીવનમાં લોકો માને છે કે રજામાં જવું આવશ્યક છે.

માતા-પિતા સાથે રજામાં જઈએ તો હોટલ કરતાં તેઓ સગાંસંબંધીને ઘરે રહેવાનું વધુ પસંદ કરે છે જેથી પિતરાઈ ભાઈબહેનો સાથે અમારી ઓળખાણ વધે. વળી, હોટલનો ખર્ચ બચવાથી માતા-પિતા વધારે ખરીદી કરી શકે છે. જ્યારે યુવાનો સગાંના ઘરે રહેવાનું પસંદ નથી કરતા કારણ કે વડીલની સાથે તેઓ પોતાની મરજી મુજબ રહી નથી શકતા.

જો ઘર નાનું હોય તો સંકડાશમાં રહેવું પડે. વહેલાં ઊઠવાનું, વળી નોકર ન આવે તો ઘરમાં મદદ કરવાની અને સમયસર જમી લેવાનું જેથી સૌને લાગે કે અંગત સમય ક્યાં ખોવાઈ ગયો!

મોટાભાગના યુવાનો હોટલમાં રહેવાનું પસંદ કરે છે. ભવ્ય હોટલોમાં આરામથી રહેવા સાથે કેટલી સુવિધાઓ મળે! ઓરડામાંથી આછો ભૂરો દરિયો કે લીલાછમ બગીચા જોવાથી તેઓ રાજીપો અનુભવે છે. હોટલમાં રહીને મરજી પડે ત્યારે દૂરદર્શન જોવાય, આરામ કરાય, હરીફરી શકાય, પ્રવૃત્તિઓ કરાય અને જાતજાતની વાનગીઓ ચાખી શકાય.

તાજેતરમાં યુવાનોને વિશાળ વિલામાં રહેવાનો શોખ જાગ્યો છે. અહીં રહેવાથી સગાંના ઘરે અને હોટલમાં રહેવાનો એમ બેઉ લાભ મળી શકે. મનપસંદ રસોઈ બનાવી શકાય અથવા જોડાયેલી હોટલના રેસ્ટોરાંમાં જમી શકાય. પોતાના અંગત તરવાના હોજમાં તરીને કેટલી મજા કરી શકાય!

DO NOT WRITE IN THIS AREA

નીચેના સવાલોનાં **ગુજરાતીમાં** જવાબ લખો. આખા વાક્યમાં જવાબ લખવાની જરૂર નથી.

(a) માતા-પિતા શા માટે પિતરાઈ ભાઈબહેનો સાથે ઓળખાણ વધારવા માંગે છે?

**(1)**

..............................................................................................................................................

(b) સગાંવહાલાંને ઘરે રજા ગાળવાથી માતા-પિતાને શું ફાયદો થઈ શકે?

**(1)**

..............................................................................................................................................

(c) યુવાનોના મત પ્રમાણે સગાંનાં ઘરે રહેવાથી તેઓ શું ગુમાવે છે?

**(1)**

..............................................................................................................................................

(d) હોટલનાં વાતાવરણથી મનની સ્થિતિ પર શું સારી અસર થાય છે?

**(1)**

..............................................................................................................................................

(e) વિલામાં રહીને પોતાના સ્વાસ્થ્યની સંભાળ કઈ રીતે રાખી શકાય?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 9 = 5 marks)**

**TOTAL FOR SECTION B = 15 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION C

## Translation

**10** Translate this passage **into English**.

આ દેશમાં બે મુખ્ય પ્રકારની નિશાળો છે. સરકારી વિદ્યાલયોમાં મફત ભણી શકાય જ્યારે ખાનગી શાળાઓમાં તેનો ખર્ચ ઘણો આવે અને રજા પણ વધારે મળે. આધુનિક ટેકનૉલોજીનો ઉપયોગ કરીને વિષયો ભણાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ આજની દુનિયામાં રહેવા માટે તૈયાર થઈ શકે. વિદ્યાર્થીઓ ભણતરમાં પૂરેપૂરું ધ્યાન આપી શકે તેથી શાળાઓમાં મોબાઇલ વાપરવાની મનાઈ હોય છે.

**(Total for Question 10 = 7 marks)**

**TOTAL FOR SECTION C = 7 MARKS**
**TOTAL FOR PAPER = 50 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**

BLANK PAGE

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA